SATURDAY
2 March 2013 | city life

## EDI ખાતે 'સંદેશ' અને 'સંદેશ' ન્યૂઝ સહઆયોજિત

# Empresario 2013

## બન્યું ઈનોવેટિવ આંત્રપ્રિન્યોર્સનું પ્લેટફોર્મ

**અમદાવાદ : ૧ માર્ચ ૨૦૧૩**

ગાંધીનગર સ્થિત આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇ) ખાતે શુક્રવારથી empresario 2013નો પ્રારંભ થયો છે. નવા આંત્રપ્રિન્યોર્સને એન્કરેજ કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડવાના હેતુસર યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં વિવિધ ઇવેન્ટ્સ યોજાઇ હતી. જેમાં 'સ્ટાર્ટઅપ' અને 'પિચ' સૌથી ઇન્ટરેસ્ટિંગ ઇવેન્ટ હતી.

આ બે દિવસીય કાર્યક્રમમાં ૩૦ જેટલા નવા આંત્રપ્રિન્યોર્સે ભાગ લીધો છે. જેમાં સ્ટાર્ટઅપ અને પિચ બંનેમાં ભાગ લીધો હોય તેવી ૬ કંપની છે જ્યારે ૧૮ કંપનીઓ માત્ર સ્ટાર્ટઅપ ફેરમાં જ ભાગ લઇ રહી છે. તેમજ સાત કંપની એવી પણ હતા જેમણે માત્ર 'પિચ'માં જ ભાગ લીધો હતો.

'સ્ટાર્ટઅપ' અને 'પિચ'માં માત્ર એવા જ લોકો જોડાઇ શકે છે જેમણે કોઇ નવા કોન્સેપ્ટ સાથે બિઝનેસ શરૂ કર્યો હોય અથવા તો તેનું પ્લાનિંગ કર્યું હોય.




**પિચ ફોર ફન્ડ :**

'પિચ' કાર્યક્રમમાં નવા આંત્રપ્રિન્યોર્સે ઇન્વેસ્ટર્સ સમક્ષ પોતાના ઇનોવેટિવ આઇડિયાઝ રજૂ કર્યા હતા. આ આઇડિયા લીક ના થઇ જાય તે માટે ખાસ અલાયદા રૂમની વ્યવસ્થા કરવામાં આવી હતી. 'પિચ'માં ભાગ લેનારા કન્ટેસ્ટન્ટે પોતાની પ્રોડક્ટનું પ્રેઝન્ટેશન ઇન્વેસ્ટર્સને બતાવવાનું હતું. જો ઇન્વેસ્ટર્સને તેમાં રસ પડે તો તેઓ જે તે કંપનીને તત્કાળ ફંડ આપે અથવા બીજી મીટિંગ ગોઠવી શકે છે.

**શું છે સ્ટાર્ટઅપ ફેર:**

જે લોકોએ કોઇ નવા જ કોન્સેપ્ટ સાથે બિઝનેસ શરૂ કર્યો હોય અથવા તેનું પ્લાનિંગ કર્યું હોય તેવા લોકો પોતાનો કોન્સેપ્ટ બીજા લોકો સુધી પહોંચાડી શકે તે માટે સ્ટાર્ટઅપ ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફેરમાં માટે આવેલ ઇનોવેટિવ આઇડિયાથી જેમના આઇડિયા ઇડીઆઇને પસંદ પડી તેમને empresario 2013 માટે ઇન્વાઇટ કરવામાં આવ્યા હતા.

### ટુ ઇન વન સોલ્યુશન્સ

મેં ૧૧ મહિના પહેલાં hmmbiz web solutions શરૂ કરી છે. જેમાં અમે કોઇપણ કંપનીના ઓનલાઇન અને ઓફલાઇન માર્કેટિંગનું કામ કરીએ છીએ. સામાન્ય રીતે લોકોએ પોતાની કંપનીના જુદા જુદા કામ માટે અલગ અલગ લોકોને જવાબદારીઓ સોંપવી પડે છે. આવામાં તેમનો ખર્ચ પણ વધે છે અને સમય પણ બગડે છે, અમે તે સમસ્યા દૂર કરીએ છીએ.



-હાર્દિક મનવાની

### અમારો કોન્સેપ્ટ નવો છે

મેં અને મારી પત્નીએ મળીને iView Global ઇન્ટરેક્ટિવ કંપની શરૂ કરી છે. તેમણે શહેરના એક જ્વેલર્સને ત્યાં ટચ સ્ક્રીન પોઇન્ટ ઓફ સેલ બનાવ્યો છે. તેમાં ખરીદી કરનારા વ્યક્તિને સ્ક્રીન પર જ ડિઝાઇન બતાવવામાં આવે છે. સાથે જ તેનો ફોટો પાડીને જે તે ડિઝાઇન તેના પર કેવી લાગશે તે પણ બતાવવામાં આવે છે.



-સિદ્ધાર્થ શાહ

### પહેલીવાર થ્રી-ડી કોમિક

એન્વાયર્મેન્ટલ કોમિક સ્ટ્રિપ પ્રકાશિત કરવા બદલ વર્ષ ૨૦૧૨માં અમને લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં પણ સ્થાન મળ્યું હતું. હવે હું અને સૌરભ પચીસિયાલા મળીને પહેલી જ વખત થ્રી-ડી એન્વાયર્મેન્ટલ કોમિક 'સિન્ટ્રાક્સ' લોન્ચ કર્યું છે. જેમાં બાળકનો પર્યાવરણનું જ્ઞાન આપવામાં આવે છે. આ મેગેઝિન બધાને પોસાય તેટલું સસ્તુ હશે.



-અનુશ્રી પોદ્દાર

‘સંદેશ’ અને ‘સંદેશ ન્યૂઝ’ સહઆયોજિત empresario 2013

# ગિફ્ટની સમસ્યાનાં સમાધાનમાંથી બન્યું BuddyGifting.com

**અમદાવાદ : ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૩**

પ્રસંગોપાત શું ગિફ્ટ આપવી, સામેનાને શું ગમશે, તેને ઉપયોગી હશે કે નહીં કે પછી તમે આપેલી ગિફ્ટ એ આગળ બીજા કોઈને પધરાવી દેશે એવો પ્રશ્ન ઘણીવાર થતો હોય છે. અમદાવાદમાં રહેતાં રોહન સરાફને ઘણાં વખતથી આવો વિચાર આવતો હતો. આવામાં તેમના નાના ભાઈ રાહુલના લગ્ન વખતે આવેલી ગિફ્ટો જોઈને રાહુલને પણ ભાઈની વાતમાં રસ પડ્યો. આમ તો બંને ભાઈ ફેમિલી બિઝનેસમાં હતા. રોહને એમબીએ કર્યું છે અને રાહુલ આઈટી લાઈનમાં છે. બંનેએ નક્કી કર્યું આ અંગે આઈટી લાઈનમાં કંઈક નવું કરી શકશે અને તેમણે દેશ-વિદેશની સાઈટ્સ પર અભ્યાસ કરવાની શરૂઆત કરી અને તેમણે BuddyGifting.comનો પાયો નાખ્યો.

**શું છે સાઈટમાં :** ફેબ્રુઆરી ૨૦૧૨માં સાઈટનું કામ શરૂ થયું જેમાં રાહુલનો ફ્રેન્ડ રોનક અગ્રવાલ તેમની સાથે જોડાયો. આ દરમિયાન જ એક સેમિનારમાં રોહન અને પ્રણય ગુપ્તાની મુલાકાત થઈ અને ચારેયે મળીને BuddyGifting.comની શરૂઆત કરી. જેના દ્વારા તમે દેશમાં ગમે ત્યાં રહેતાં તમારા સ્નેહીને મનગમતી ગિફ્ટ મેળવવાની તક આપી શકો છો. આ માટે સાઈટના સ્ટાર્ટ ગિફ્ટિંગ ઓપ્શનમાં જઈને જેમને ગિફ્ટ આપવી હોય તેમનું એફબી આઈડી કે ઈમેલઆઈડી અને બીજી વિગતો, પ્રસંગ અને મોકલવાની તારીખ સાઈટ પર જણાવવાની રહેશે. અહીં તમને

**ઈડીઆઈમાં ૧ અને ૨ માર્ચે ઈનોવેટિવ કોન્સેપ્ટ આધારિત સ્ટાર્ટઅપ કાર્યક્રમ યોજાશે**

પેમેન્ટના ઓપ્શન છે. જો તમે ગ્રૂપમાં ખરીદી કરતાં હો તો વેબસાઈટ દ્વારા જ તમારા મિત્રોને પેમેન્ટ માટેનો મેસેજ મોકલવામાં આવશે.

**શું હશે ગિફ્ટ :** આ ગિફ્ટમાં એકથી ત્રણ ઓપ્શનમાં ગિફ્ટ આપી શકાય છે. જેમાં ગિફ્ટ અને વાઉચર બંને ઓપ્શન છે. નિયત દિવસે તમારા સ્નેહીના મોબાઈલ પર અને ઈમેલમાં તેમને ગિફ્ટ મળ્યાનો મેસેજ મોકલવામાં આવશે. એ પછી તે વ્યક્તિને જો મોકલવામાં આવેલાં ઓપ્શનના ના ગમે તો તે તેટલી કિંમતની બીજી વસ્તુ ખરીદી શકે છે. તાજેતરમાં જ શરૂ થયેલી આ સાઈટ વિશે વાત કરતાં BuddyGifting.comના કો-ફાઉન્ડર રોહને કહ્યું હતું કે,' અમદાવાદમાં IT રિસોર્સ ઓછા હોવાથી વેબસાઈટ બનાવવામાં અને અમારો કન્સેપ્ટ નવો હોવાથી બેંક દ્વારા 'પેમેન્ટ ગેટ વે' પ્રોસેસ પૂરી કરવામાં અમને ઘણી તકલીફ પડી હતી.

**ઈનોવેટિવ કોન્સેપ્ટને ઈન્વિટેશન**

એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ), ગાંધીનગર ખાતે empresario 2013નું આયોજન કરવામાં આવ્યું છે. ઈડીઆઈ નવા એન્ટરપ્રિન્યોર્સને એન્કરેજ કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. empresarioમાં ભાગ લેવા કંપનીઓએ પોતાના ઈનોવેટિવ કોન્સેપ્ટના પ્રોફાઈલ મોકલવાના હોય છે. જેમાંથી પસંદગી પામનારને empresarioમાં ઈન્વાઈટ કરવામાં આવે છે. આ વર્ષે પસંદગી પામેલ કંપનીઓ પૈકીની એક કંપની BuddyGifting.com છે. એક અને બીજી માર્ચે થનારા કાર્યક્રમમાં ૧, માર્ચે ડીજે સુકેતુ પર્ફોર્મ કરશે.

'સંદેશ' અને 'સંદેશ ન્યૂઝ' સહઆયોજિત empresario 2013

# બ્રાન્ડનાં ઓનલાઈન પ્રમોશનનો મૌલિક વિચાર

**અમદાવાદ** : એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ), ગાંધીનગર ખાતે આગામી પહેલી અને બીજી માર્ચે યોજાનારા **empresario 2013**માં ઘણાં એન્ટરપ્રિન્યોર ભાગ લેશે. ઈડીઆઈ દ્વારા આમંત્રિત આ એન્ટરપ્રિન્યોર્સમાં **Digital Upstarts** ભાગ લેશે. આ સંસ્થા ફેસબુક,ટ્વિટર, યુ ટ્યુબ, ગુગલ જેવી સાઈટ્સ પર પોતાની બ્રાન્ડનું ઓનલાઈન એડવર્ટાઈઝિંગ અને માર્કેટિંગ કરવા ઈચ્છુક લોકોને મદદ કરે છે.

આ વિશે માહિતી આપતાં **Digital Upstarts**ના નિખિલ તલરેજાએ જણાવ્યું હતું કે આ સંસ્થાની શરૂઆત ૨૦૧૧માં નિતિન જૈને કરી હતી. એ વખતે તે માઈકા (મુદ્રા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્યુનિકેશન, અમદાવાદ)માંથી એન્ટરપ્રિન્યોરશિપ કોર્સ કરતો હતો. નીતિન અને તેના બીજા બે મિત્રોએ બ્રાન્ડ્સને ઓનલાઈન પ્રમોટ કરવાના ઈનોવેટિવ આઈડિયા સાથે આ કામની શરૂઆત કરી. તેમની શરૂઆત તો સારી રહી પણ કોર્સ પૂરો થતાં તેના બંને મિત્રોને જોબ મળી જતાં તમણે **Digital Upstarts** છોડી દીધું. જો કે માઈકા દ્વારા યંગ એન્ટરપ્રિન્યોર્સના ઈનોવેટિવ આઈડિયાઝને મદદ કરવામાં આવે છે. જેના થકી નીતિને પોતાના બિઝનેસ ચાલું જ રાખ્યો.

બીજી તરફ મૂળ મિકેનિકલ એન્જિનિયર અને ઈડીઆઈમાથી પોસ્ટ ગ્રેજ્યુએશન કરનારા નિખિલે ૨૦૧૦માં ટેલિ- ક્લાસિફાઈડ '**KuchBhiBikega**'નામનું ઓનલાઈન પોર્ટલ શરૂ કર્યું. જેમાં પ્રોપર્ટી,વાહન,પુસ્તક અને ઈલેક્ટ્રોનિક આઈટમ્સની લે-વેચ કરાવવામાં આવતી. જો કે કેટલાંક કારણોસર માત્ર ૧૮ મહિના પછી આ પોર્ટલ બંધ કરવું પડ્યું. એ પછી મારી અને નીતિનની મુલાકાત થઈ. અમે લોકો દર મહિને યોજાતી એન્ટરપ્રિન્યોર્સની એક મિટિંગમાં મળ્યાહતા. એ વખતે નીતિન પાર્ટનરની શોધમાં હતો અને અમે બંને પાર્ટનર બની ગયા.

હાલ અમારા આઠથી દસ ક્લાઈન્ટ છે. અમારી ડિજિટલ માર્કેટિંગ એડવર્ટાઈઝિંગ એજન્સીમાં અમે જે લોકો પોતાની બ્રાન્ડનું પ્રમોશન કરવા માગતા હોય તેમનું એકાઉન્ટ મેનેજ કરીએ છીએ. આ વખતે અમને જેવી ખબર પડી કે ઈડીઆઈ **Empresario** યોજાવાનો છે એટલે અમે સ્ટાર્ટઅપમાં જોડાવા માટે અમારી કંપનીનો પ્રોફાઈલ મોકલ્યો. ઈડીઆઈએ અમારો પ્રોફાઈલ સિલેક્ટ કર્યો હોવાથી અમે આ વર્ષે ત્યાં અમારો સ્ટોલ લગાવવાના છીએ.

આર્થિક સર્વે : ૪૦ %

'સંદેશ' અને 'સંદેશ ન્યૂઝ' સહઆયોજિત empresario 2013

# મેડિકલ સ્ટોરથી ઓનલાઈન મેડિસિનનો ઈનોવેટિવ કોન્સેપ્ટ

અમદાવાદ : ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૩

તમને થશે કે દવાઓ તો વળી ઓનલાઈન કેવી રીતે મળી શકે?! પણ આવો કોન્સેપ્ટ ઇન્દોરમાં આગામી મહિનાઓમાં લોન્ચ થવાનો છે. જેમાં લોકો ઘરબેઠાં પોતાની દવાઓ મગાવી શકશે. આ સેવા ઇન્દોરના Meditail Storesના શાનિલ કોઠારી દ્વારા શરૂ કરવામાં આવી રહી છે. ઓનલાઈન મેડિકલના કોન્સેપ્ટ વિશે તે કહે છે કે, ઇન્દોરમાં આવેલા અમારા મેડિકલ સ્ટોર દ્વારા હોમ ડિલિવરીની ફેસિલિટી તો આપવામાં આવે છે અને હવે વેબસાઈટ બનાવવાનો કોન્સેપ્ટ છે. આ કોન્સેપ્ટ એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇ), ગાંધીનગરમાં થનારા empresario 2013 માં જોવા મળશે.

## ઓનલાઈન ઓર્ડર અને હોમડિલિવરીનો કોન્સપ્ટ

દવાની હોમ ડિલિવરીને મળેલી સફળતા પછી મને એવું લાગ્યું કે મારે આ ઇનોવેટિવ કોન્સેપ્ટનો ફેલાવો કરવો જોઈએ. તેથી મેં ઇન્ટરનેટ સેવાનો એક નવો કોન્સેપ્ટ તૈયાર કર્યો છે. જેમાં દેશના મોટાભાગના શહેરોમાં ઓનલાઈન દવાઓ પહોંચાડવાનું પ્લાનિંગ છે. આ માટે med-card.in નામની વેબસાઈટ બનાવી છે. જે આગામી મહિનાઓમાં ઇન્દોરમાં લોન્ચ થઈ જશે. આ સાઈટ શરૂ થયા પછી અમારા ગ્રાહકોને ફોન કરીને રિમાઈન્ડ કરાવવાને બદલે એસએમએસથી અપડેટ કરવામાં આવશે. દરેક કાયમી ગ્રાહકને વેબ પર જ યૂઝર આઈડી આપવામાં આવશે જેના થકી તેઓ ઓનલાઈન ઓર્ડર આપી શકશે. લોકોને ઓનલાઈન વિશ્વસનીય દવાઓ મળી રહે તે માટે પ્રયત્નશીલ એવા શાનિલે ગાંધીનગરના ઇડીઆઈમાંથી એન્ટરપ્રિન્યોરશિપમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું છે. તે કહે છે કે, મને જ્યારે ખબર પડી કે ગાંધીનગરમાં આવેલા એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇ)માં empresario 2013 યોજાવાનો છે. તેથી મેં મારો ઇનોવેટિવ કોન્સેપ્ટ મોકલાવ્યો જેને તેમણે એપ્રુવ કર્યો છે. તેથી હવે ઇડીઆઈમાં આગામી ૧ અને ૨ માર્ચે યોજાનારા empresario 2013માં અમે ભાગ લઈશું.

## દવાઓમાં ડિસ્કાઉન્ટ

શાનિલ કહે છે કે, વર્ષ ૨૦૧૦માં ઇન્દોરમાં અમે સ્ટોર શરૂ કર્યો. બીજાઓ કરતાં કંઇક જુદું કરવા માટે અમે હોમ ડિલિવરીની ફેસિલિટી આપવાની શરૂઆત કરી. લોકો અમને પોતાનું પ્રિસ્ક્રિપ્શન આપી જતાં અને અમે દવા ક્યારે અને કેવી રીતે લેવાની છે તેની વિગતો સહિતનું પેકેટ તેમના ઘરે મોકલાવતાં. વળી, અમે ગ્રાહકોને ડિસ્કાઉન્ટ પણ આપતાં હતા. અમારી સર્વિસની વિશેષતા એ હતી કે અમે એ જ બ્રાન્ડની દવા પ્રોવાઈડ કરતાં જે ડોક્ટર દ્વારા પ્રિસ્ક્રિપ્શનમાં લખવામાં આવી હોય. અમારી સર્વિસની વિશ્વસનીયતાને લીધે ગ્રાહકોની સંખ્યા વધવા લાગી. પિતા અનિલભાઈ સાથે મળીને બિઝનેસ કરતાં શાનિલે ગ્રાહકોનો વ્યાપ વધતા એક કસ્ટમર એક્ઝિક્યુટિવ રાખ્યો છે. જે પર્મેનન્ટ ગ્રાહકોને ફોન કરીને દવાઓ ખરીદવાનું રિમાઇન્ડ કરાવે છે અને ગ્રાહકોની દવામાં કોઈ ફેરફાર થવાનો છે ખરો એની જાણકારી પણ મેળવે છે.

## 'સંદેશ'-'EDI' દ્વારા આજથી 'EMPRESARIO'

અમદાવાદ, તા. ૨૮

'સંદેશ' અને 'સંદેશ ન્યૂઝ' આયોજિત **'EMPRESARIO-2013'** તા. ૧ અને ૨ માર્ચ દરમિયાન ગાંધીનગરની એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ખાતે યોજાશે. ઈડીઆઈના કેમ્પસમાં યોજાનારી બે દિવસીય સમિટમાં નવસાહસિકો તેમના ઉદ્યોગ મોડલ રજૂ કરશે. કાર્યક્રમના પ્રથમ દિવસે તા. ૧ માર્ચે સાંજે સાડા આઠ કલાકે ડી.જે. સુકેતુ સંગીતના તાલે નવસાહસિકોનું મનોરંજન કરશે.

**આજે રાત્રે સાડા આઠ કલાકે ડી.જે. સુકેતુનો કાર્યક્રમ**

ઈવેન્ટમાં તા. ૧ માર્ચે સવારે ૧૦થી૧૧ કલાક દરમિયાન સમિટનું ઉદ્ઘાટન કરાશે. તેમાં ઈડીઆઈના ડિરેક્ટર ડો. દિનેશ અવસ્થી, ઈન્ફોબિપના ફાઉન્ડર અને સીઈઓ મતુલ શ્રોફ તેમજ ક્વોશિયન્ટના આનંદ લુનિઆ સંબોધન કરશે. પહેલા દિવસે 'સ્ટાર્ટઅપ ફેર' હેઠળ વિવિધ નવસાહસિકો તેમના ઉદ્યોગમોડલ-પ્રોડક્ટ રજૂ કરશે. પ્લેનરી સેશનમાં બપોરે ૧૧-૩૦થી૧૨-૩૦ દરમિયાન 'હાઉ ટુ પીચ યોર આઈડિયાઝ' વિષયે મુંબઈની એન્જલ્સના નિષ્ણાત અનિલ જોષી સંબોધન કરશે. સેશનના બીજા ભાગમાં 'વાય સ્ટાર્ટઅપ્સ ફેઈલ' વિષયે સીડફંડના શૈલેષ વિક્રમસિંઘ સંબોધન કરશે. રાત્રે સાડા આઠ કલાકે ડી.જે. સુકેતુ સંગીતના તાલે નવસાહસિકોને નચાવશે. બપોરે બેથી પાંચ કલાક દરમિયાન રેઝ સીડ એન્ડ ગ્રોથ ફંડિંગ કાર્યક્રમ યોજાશે. સાંજે પાંચથી સાત કલાક દરમિયાન ચર્ચા પેનલ યોજાશે. બીજા દિવસે તા. ૨જીએ બપોરે બે કલાકે **'eohai Demo Day'** અંતર્ગત એન્ટરપ્રિન્યોર-પ્રોફેશનલ સહિતના નિષ્ણાતો વચ્ચે ચર્ચા થશે.